સંકલિત ડેરી વિકાસ યોજના

પૂર્વ ભૂમિકા

આદિવાસી સમાજના સશક્તિકરણ માટે તેમને વિકાસના નવા અવસરો પ્રાપ્ત થાય અને વ્યુહાત્મક અને નીતિગત રીતે આદિવાસી સમુદાયના આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમોમાં ગુણાત્મક અને પરિણામલક્ષી સુધારો થાય તે હેતુથી વનબંધુ કલ્યાણ યોજના અમલમાં છે. ગુજરાત રાજ્યમાં આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમનો અમલ કરવામાં આવે છે. જેમાં પશુપાલન વ્યવસાયમાં જોડાયેલ આદિવાસી લોકોને ખાસ કરીને કડીરૂપ રીતે મહિલાઓને લક્ષ્યમાં લઇ તેમનો વિકાસ કરવો તથા પરિયોજનામાં ભાગીદાર કુટુંબોની આવક વધે તે માટે પુર્ણકાલિન રોજગારી રૂપે પશુપાલનની ખાસ યોજના અમલમાં આવેલ છે.

ગુજરાતમાં આદિજાતિ વિસ્તારના મોટાભાગના પરિવારોને આર્થિક ઉપાર્જનનો સ્ત્રોત પશુપાલન છે. રાજયના ૧૪ આદિજાતિ જીલ્લા વિસ્તારમાં વસતા આદિજાતિ કુટુંબોને દુધાળા પશુનો લાભ મળી રહે તે હેતુથી સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનામાં પશુ સહાય ઉપરાંત અન્ય સાધન સહાય, કેટલ ટ્રાન્સપોર્ટેશન, પશુ સારવાર તથા લાભાર્થીઓને તાલીમ આપવામાં આવે છે.

૧૪ આદિજાતિ જીલ્લાઓમાં આવેલ નીચે મુજબની ૭ દૂધ ઉદ્પાદક સહકારી મંડળીઓ દ્વારા પ્રોજેક્ટનો અમલ કરવામાં આવે છે.

1. દૂધધારા ડેરી, ભરૂચ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિ., ભરૂચ.
2. પંચામૃત ડેરી, પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિ., ગોધરા.
3. સુમુલ ડેરી, સુરત-તાપી ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર યુનિયન લિ.
4. બનાસ ડેરી, બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
5. વસુધારા ડેરી, વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
6. બરોડા ડેરી, બરોડા ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિ.
7. સાબર ડેરી, સાબરકાંઠા જિ. કો–ઓપ. દૂધ ઉત્પાદક સંઘ લિ., સાબર ડેરી, હિંમતનગર.

લાભાર્થીની પાત્રતા:

આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિજાતિના કુટુંબોને ૦ થી ૨૦ બીપીએલ સ્કોરના

આદિજાતિ મહિલા લાભાર્થીને દુધાળા પશુની સહાય

સહાયની વિગત

ક્રમ	યુનિટ દીઠ કિંમત	લોન	ભારત સરકારની સબસીડી	રાજ્ય સરકારની સહાય	લાભાર્થી ફાળો
૧	૯૦,૦૦૦	૨૯,૦૦૦	૨૯,૦૦૦	૨૯,૦૦૦	૩,૦૦૦

યોજના અંતર્ગત મળવા પાત્ર લાભ

ક્રમ	કોમ્પોનન્ટ	યુનિટ દીઠ કિંમત	લોન	ભારત સરકારની સબસીડી	રાજ્ય સરકારની સહાય	લાભાર્થી ફાળો
૧	દુધાળા પશુ	૭૯,૫૦૦	૨૯,૦૦૦	૨૧,૪૦૦	૨૬,૧૦૦	૩,૦૦૦
૨	પશુ વિમો	૩,૦૦૦		૩,૦૦૦		
૩	પશુ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ	૧,૦૦૦		૧,૦૦૦		
૪	વાસણની કિટ	૦		૦		
૫	પશુ ખાણ-દાણ	૨,૦૦૦		૨,૦૦૦		
૬	પશુ સારવાર	૧,૨૦૦		૧,૨૦૦		
૭	તાલીમ	૪૦૦		૪૦૦		
૮	વહીવટી ખર્ચ	૨,૯૦૦			૨,૯૦૦	
	કુલ કિંમત	૯૦,૦૦૦	૨૯,૦૦૦	૨૯,૦૦૦	૨૯,૦૦૦	૩,૦૦૦
	કુલ યુનિટ કોસ્ટ	૮૭,૧૦૦ + ૨,૯૦૦ = ૯૦,૦૦૦/-				

લાભાર્થીએ યોજનાનો લાભ લેવા https://dsagsahay.gujarat.gov.in/ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે ત્યાર બાદ જે યોજના માટે લાભ લેવો હશે તે યોજના માટે અરજી કરવાની રહેશે.

વધુ વિગત માટે નીચે ઠરાવની લીંક પર ક્લીક કરો.

- ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૪-ન.બા.૫૭-ઘ, Dt: 07-08-2014.
- ઠરાવ ક્રમાંક: VKY-૨૦૨૧-૮૪૯-N-I.-૦૫-P, Dt: 07-07-2022.
- સુધારા ઠરાવ ક્રમાંક: VKY-2021-849-N.I.-05-P, Dt: 21-07-2023.
- ઠરાવ ક્રમાંક: TDD/VKY/e-file/25/2023/1772/P, Dt: 12-03-2024.